ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

DST

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 16th September, 2025

પ્રતિ,

તંત્રી શ્રી,

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, GPCB ભાવનગર અને રોટરેક્ટ ક્લબ ઓફ ભાવનગર યુથના સયુંકત પ્રયાસ દ્વારા**
**શ્રી અધેવાડા પ્રાથમિક શાળા ખાતે**
**વિદ્યાર્થીઓએ ઓઝોન સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી વિષય પર પોતાના વિચારો, કલ્પના શક્તિ અને વૈજ્ઞાનિક સમજને રંગીન ચિત્રો દ્વારા અભિવ્યક્ત કરી.**

જય વિજ્ઞાન,

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ **(DST)** ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી **(GUJCOST)** દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

જે અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), ભાવનગર અને રોટરેક્ટ ક્લબ ઓફ ભાવનગર યુથ, ભાવનગરના સયુંકત ઉપક્રમે આજે "વિશ્વ ઓઝોન દિવસ 2025' અંતર્ગત "From Science to Global Action" થીમ પર ઓઝોન સ્તરની મહત્વતા અંગે જાગૃતિ ફેલાવવા, પર્યાવરણમિત્ર સાધનો અપનાવી પર્યાવરણ સંરક્ષક માટે વિદ્યાર્થીઓ અને યુવાનોને પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે ઉજવણી કરવામાં આવેલ.

ઓઝોન વિષે જાગૃતિ કેળવાય તેવા ઉદ્દેશથી આજ રોજ શ્રી અધેવાડા પ્રાથમિક શાળા, ભાવનગર ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં ધોરણ 6 થી 8ના આશરે 200 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ઓઝોન સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી વિષય પર પોતાના વિચારો, કલ્પના શક્તિ અને વૈજ્ઞાનિક સમજને રંગીન ચિત્રો દ્વારા અભિવ્યક્ત કરી હતી.

પ્રતિભાશાળી વિધાર્થીઓને પ્રોત્સાહન માટે દરેક ગ્રુપમાંથી શ્રેષ્ઠ ચાર વિદ્યાર્થીઓ એમ કુલ 12 વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર તેમજ ડ્રોઇંગ કલર કીટ આપી સન્માનિત કરવામાં આવ્યા.

કાર્યક્રમ દરમિયાન રોટરેક્ટ ક્લબ - યુથ, ભાવનગર દ્વારા સ્વયંસેવક રૂપે મહત્વપૂર્ણ સહકાર આપવામાં આવ્યો. આ કાર્યક્રમ થાકી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા સાથે ઓઝોન સ્તરનું સંરક્ષણ કરવાની આવશ્યકતા અંગે જાગૃતિ ફેલાવવા, પર્યાવરણ રક્ષણ માટે સામૂહિક પ્રયાસોની જરૂરિયાતો અને તેના ફાયદાઓ દ્વારા ભવિષ્યની પેઢી માટે ટકાઉ વિકાસ અગેના વિચારો બાળ માનસમાં સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.